ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બાબાજી વિષે શંકા નહીં કરવાની... તારો દારૂ છુટી જશે... આમણે સેંકડો લોકોને વોટ્સએપ ફેઇસબુક છોડાવ્યાનાં દાખલા છે... શું સમજ્યો...!!

# પેથાપુરમાં ઉબડ-ખાબડ રસ્તાથી નાગરીકો હેરાન-પરેશાન

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર થી માત્ર પાંચ મિનીટના અંતરે આવેલ પેથાપુર ગામમાં પ્રાથમિક સુવિધાના નામે મીંડું છે. પેથાપુર જાણે વિકાસથી વંચિત હોય તેવું નાગરીકોને લાગી રહ્યું છે. પેથાપુર ગામમાં છેલ્લા અંદાજે ૨૦ દિવસથી વધુના સમયથી રસ્તાનું કામ શરુ હોવાથી ઠેરઠેર ખાડાઓ ખોદી નાંખ્યા છે. નાગરીકોને અવરજવરમાં ભારે પરેશાની વેઠવાનો વારો આવે છે. ચોમાસુ માથે હોવા છતા તંત્રની ઢીલી કામગીરીને લઈ નાગરીકોમાં રોષ વ્યાપ્યો છે.

પેથાપુર ગામમાં છેલ્લા ઘણા વર્ષોથી માર્ગ નવિનીકરણનુ કામ થવા પામ્યું નથી ત્યારે અત્યારે હાલના સમયે પેથાપુરમા માર્ગ નિવીનીકરણનું કાર્ય મેઈન બજારથી કંસારા ફળી અને અમરાફળી સુધી ખોદકામ કર્યુ છે. માર્ગ વચ્ચે ખાડા ખોદી નાંખ્યા હોવાથી ગામના નાગરીકોને વાહનવ્યવહારમાં ભારે તકલીફનો સામનો કરવો પડે છે. રાત્રીના સમયે કોઈ અચાનક ગામના વ્યકિત બિમાર પડે તો એમ્બ્યુલન્સ પણ અંદર જઈ શકે તેવી સ્થિતિ નથી. જયારે તંત્ર દ્વારા કરવામાં આવેલ ગટરના કામ અંગે પણ અનેક પ્રશ્નાર્થ ઉભા થવા પામ્યા છે. ગટર રોડ વચ્ચે અડધો ફુટ ઉંચી હોવાની ગ્રામજનો બુમો પાડી રહ્યા છે. રાત્રીના સમયે નાગરીકો ચાલતા જતા ગટરની ઠેંસ વાગતા પડી જવાથી ઈજા થવાના બનાવ પણ પ્રકાશમાં આવ્યા છે. ત્યારે છેલ્લા ૨૦ દિવસથી ખોદી નાંખેલા ખાડાને કારણે લોકો ચિંતિત બન્યા છે.

માર્ગ બન્યો નથી ને વરસાદ ની સિઝન શરુ થવાની તૈયારીમાં છે તો શુ વરસાદ પછી માર્ગ બનશે તેવુ ગ્રામજનોમાં ચર્ચાઈ રહ્યું છે. ચોમાસા પહેલા માર્ગ બને તવી માંગણી ગ્રામજનોની છે. જેથી વરસાદમાં લોકોને આવનજાવનમાં સરળતા રહે. રસ્તાનું કામ સમયસર નહી થાય તો ચોમાસામાં વિકટ પરિસ્થિતિ બની શકે છે. પેથાપુર ગામમાં વિકાસ નથી માત્ર ન્યુ પેથાપુરમાં વિકાસ દેખાઈ રહ્યો છે. જયારે ગામમાં બારેમાસ ચોમાસા જેવી સ્થિતિ સર્જાય છે. અઢળક સ્પીડ બ્રેકરને લીધે પણ નાગરીકો હેરાન છે. ત્યારે રસ્તાનું કામ ઝડપી બને તંત્ર દ્વારા તેવી નાગરીકોની લાગણી અને માંગણી છે.



## ચંદ્રાલા પાસે પૂળાં ભરેલી ટ્રક સળગી ઉઠતાં નાસભાગ

વિસનગર તરફથી ગાંધીનગર નજીક આવેલા ચંદ્રાલા ગામમાં આવી રહેલી ટ્રક નં જીજે ૦૭ એકસ ૨૧૭૨માં સમી સાંજે આગ લાગતા નાસભાગ મચી જવા પામી હતી. બાજરીના ૧ હજાર પૂળા ભરીને ચંદ્રાલા લઈ જવાઈ રહ્યા હતા ત્યારે ઉપરથી પસાર થતી હેવી વીજ લાઈનને ટ્રકનો ઉપરનો ભાગ અડી જતા આગ ભભુકી હતી. ડ્રાઈવરે સમયસુચકતા દાખવીને કુદી જતા કોઈ જાનહાની થવા પામી ન હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ મળતા સિનિ. ફાયરમેન ચિનુભાઈ પટેલ તથા તેમની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને આગને કાબુમાં લઈ લીધી હતી.

# રવિવારે શહેરમાં પર્યાવરણ દિવસ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧

સમગ્ર વિશ્વમાં ૫ મી જૂનને ''આંતરરાષ્ટ્રીય પર્યાવરણ દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે તમામ રાષ્ટ્રોમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી પર્યાવરણનો બચાવવા અંગે લોકજાગૃતિના પ્રયાસો હાથ ધરવામાં આવે છે. ગાંધીનગરના નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા પણ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સહયોગથી તા. ૫ મી જૂન રવિવારે સવારે ૯ થી ૧૧ વાગ્યા દરમ્યાન નિબંધ સ્પર્ધા, ફિલ્મ શો તથા વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્ષે પર્યાવરણ દિવસ ''ગો વાઈલ્ડ ફોર લાઈફ : ઝીરો ટોલરન્સ ફોર ધ ઈલલીગલ વાઈલ્ડ લાઈફ ટ્રેડ'' એટલે કે ''કલ્યાણમય જીવન માટે વન્ય પ્રેમી બનીએ : વન્ય પ્રાણીઓનું નિકંદન કાઢતા ગોરખ ધંધાર્થીઓને પડકારીએ'. થીમ આધારિત ઉજવણી કરાઈ રહી છે. આ થીમ આધારિત વિશ્વભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આયોજિત નિબંધ સ્પર્ધા માટે ધોરણ-૫ થી ૭ માટે 'એ' ગૃપ, ધોરણ ૮ થી ૧૦ માટે 'બી' ગૃપ એમ બે ગૃપ રાખવામાં આવ્યા છે. નિબંધ સ્પર્ધાનો વિષય ''વન્યજીવોની માનવજીવન માટે ઉપયોગિતા'' રાખવામાં આવ્યો છે. આ સ્પર્ધામાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ભુપેન્દ્રભાઈ પટેલ, નિવૃત્ત પીઆરઓ નરેશભાઈ ઠાકર તથા વસંતભાઈ પટેલ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે. નિબંધ સ્પર્ધામાં બંને ગૃપમાં પ્રથમ વિજેતાને રૂ.૫૦૦, દ્વિતિય વિજેતાને રૂ. ૩૦૦ તથા તૃતીય વિજેતાને રૂ. ૨૦૦નો રોકડ પુરસ્કાર આપવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર અપાશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે તા. ૪થી જૂન સુધીમાં સે. ૨૩માં નિસર્ગ સાયન્સ સેન્ટરનો સંપર્ક સાધવાનો રહેશે.

**નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા નિબંધ સ્પર્ધા ફિલ્મ શૉ તથા વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન : નિબંધ સ્પર્ધાના વિજેતાઓને રોકડ પુરસ્કારથી નવાજવામાં આવશે**

# એક દિવસે ૩૬ વર્તમાન ધારાસભ્યોના જન્મદિન

ગાંધીનગર, તા.૧

વર્તમાન ધારાસભ્યોમાં ૩૬ ધારાસભ્યોના જન્મદિવસ એક જ દિવસે આવતા લોકોમાં આની ચર્ચા રહી હતી. તમામના વર્ષ જુદા જુદા છે પરંતુ જન્મદિવસ એક જ દિવસે રહ્યો છે. આશ્ચર્યજનક બાબતના ઘટનાક્રમમાં આજે ૧લી જુનના દિવસે ગુજરાત વિધાનસભાના વર્તમાન ધારાસભ્યોમાં ૩૬ ધારાસભ્યોનાં જન્મદિવસ હતો. જો કે તમામના વર્ષ જુદા જુદા છે. જેમાં ૨૩ ધારાસભ્યો ભાજપનાં અને કોંગ્રેસના ૧૩ ધારાસભ્યો છે. જેમની જન્મ તારીખ ૧લી જુન છે. ગુજરાત વિધાનસભામાં અધ્યક્ષ ગણપતભાઈ વસાવાનો જન્મદિવસ ૧લી જુન, ૧૯૭૧ છે. જ્યારે રાજય પ્રધાન મંડળનાં પ્રધાન શંકરભાઈ ચૌધરીનો જન્મ ૧લી જુન ૧૯૭૦ના રોજ થયો છે. પ્રધાન મંગુભાઈ પટેલની જન્મ તારીખ ૧લી જુન ૧૯૪૪ છે. બનાસકાંઠા જિલ્લામાં વાવામાંથી ચૂંટાયેલા પ્રધાન શંકરભાઈ ચૌધરીની જન્મ તારીખ ૧લી જુન છે તો એ જ જિલ્લાની દિયોદરનાં ભાજપમનાં ધારાસભ્ય કેશાજી ચૌહાણ અને દાંતા બેઠક પરથી ચૂંટાયેલા કોંગ્રેસના ધારાસભ્ય કાંતિલાલ ખરાડીની જન્મ તારીખ પણ ૧લી જુન છે. પાટણ જિલ્લાનાં ભાજપનાં બે ધારાસભ્યો રાધનપુરનાં નાગરજી ઠાકોર અને ચાણસ્માનાં દિલિપ ઠાકોરનો જન્મ ૧લી જુનનાં રોજ થયો છે. અમદાવાદ જિલ્લાના સાણંદના કોંગ્રેસના ધારાસભ્ય કરમશીભાઈ પટેલ અને ભાજપનાં સાબરમતીનાં ધારાસભ્ય અરવિંદ પટેલ અને ધંધુકાનાં લાલજ કોળી પટેલ એમ ત્રણેયની જન્મ તારીખ એક જ છે.

# ભાજપના પ્રાથમિક સભ્યપદેથી અશોક મકવાણા સસ્પેન્ડ કરાયા

ગાંધીનગર, તા. ૧

ફ્લાઈટમાં છોકરીની છેડતીના મામલે પકડાયેલ શહેર ભાજપના ઉપપ્રમુખ શ્રી અશોક મકવાણાને આજે પ્રદેશ પ્રમુખ શ્રી વિજય રૂપાણીએ પક્ષના પ્રાથમિક સભ્યપદેથી સસ્પેન્ડ કરવાના આદેશો કર્યા છે. શ્રી મકવાણા હાલ અમદાવાદના સરદારનગર પોલીસના રિમાન્ડ હેઠળ છે. તેમની સામે ગોવાથી પરત ફરતાં ફ્લાઈટમાં છોકરીની છેડતીનો ગંભીર આરોપ લગાવતી ફરિયાદ દાખલ થતાં સરદારનગર પોલીસે તેમની ધરપકડ કરી હતી. શ્રી મકવાણા હાલ અમદાવાદના સરદારનગર પોલીસના રિમાન્ડ હેઠળ છે. તેમની સામે ગોવાથી પરત ફરતાં ફ્લાઈટમાં છોકરીની છેડતીનો ગંભીર આરોપ લગાવતી ફરિયાદ દાખલ થતાં સરદારનગર પોલીસે તેમની ધરપકડ કરી હતી.

ગઈકાલે શહેર ભાજપ પ્રમુખે તેમને રાજીનામુ આપ્યાની વાત કહી હતી જયારે પ્રદેશ પ્રમુખ શ્રી રૂપાણીએ તપાસ કરી કાર્યવાહી કરવાની વાત કહી હતી. આજે પ્રદેશ પ્રમુખ શ્રી રૂપાણીએ તેમને ભાજપના પ્રાથમિક સભ્યપદેથી સસ્પેન્ડ કરવાના આદેશો આવ્યા છે.

## ખૂણે ખાંચરેથી...

- પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, વર્તમાન મેયર પ્રવિણ પટેલ તથા જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરનો આજે જન્મ દિવસ હતો. પ્રવિણ પટેલે શહેર બહાર તેમના જન્મ દિવસની ઉજવણી કરી છે તો પૂર્વ મેયર રાણાએ પરિવાર સાથે અને પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરે પંચાયતના સાથીઓ સાથે જન્મ દિવસ ઉજવ્યો હતો.
- ગાંધીનગર મહાનગરપાલિકામાં એડવાન્સ મિલ્કતવેરાની ભરપાઈ કરનાર કરદાતાને ૧૦ ટકા રિબેટની યોજનાને સારો પ્રતિસાદ સાંપડ્યો છે.
- ગાંધીનગર જિલ્લા કલેકટર સતીષ પટેલે ડિઝાસ્ટરના એકશન પ્લાનને આખરી ઓપ આપી દીધો છે.
- જિલ્લામાં આજથી આગામી ચોમાસાને લઈ ૨૪ x ૭ કંટ્રોલરૂમ કાર્યરત થઈ ગયા છે.
- જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક અને ઈન્ચાર્જ ડી.ડી.ઓ. એક દિવસ માટે દિલ્હી ગયા છે.
- ઉજીએ વિશ્વ યોગ દિવસની ઉજવણીને લઈ એક વિડીયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે.
- રાજયના પંચાયત વિભાગે ૧૮ તાલુકા વિકાસ અધિકારીઓને નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે બઢતી આપતા હૂકમો કર્યા છે.

